અપીલ અરજી નં.૨૫૭ તા.૧૨–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી જયંતીભાઈ ડાહયાભાઈ ભગત
સામાવાળાઃ આસી.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સેલ)

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયંતીભાઈ ડાહયાભાઈ ભગતની તા.૫–૧૧–૦૮ની અરજીથી ભાજપના કોર્પોરેટરોએ ૪૦ ટકા વેરા વધારવાનું કમિશનરશ્રીને આપેલું સંમતિપત્રની ઝેરોક્ષ નકલ સંપુર્ણ વિગતવારી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૭/૨૦૦૮–૦૯

## ફરીયાદની હકીકતઃ–

શ્રી જયંતીભાઈ ડાહયાભાઈ ભગતની તા.૫–૧૧–૦૮ની અરજીથી ભાજપના કોર્પોરેટરોએ ૪૦ ટકા વેરા વધારવાનું કમિશનરશ્રીને આપેલું સંમતિપત્રની ઝેરોક્ષ નકલ સંપુર્ણ વિગતવાર માહિતી આપવા બાબતે આસી.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.એઆરડી/૧૮૫ તા.૧૨–૧૧–૦૮ થી આવું સંમતિ પત્ર આપવામાં આવેલ નથી તેવા આપેલ જવાબ સામે એરીયા બેઈઝ આકારણીનો સામાન્ય સભાના ઠરાવની નકલ ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથામુળ અરજીથી માંગેલ પૈકી બાકી હોય તો જ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૭ તા.૧૮–૧૨–૦૮ થી આસી.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સેલ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.એઆરડી / સ ેલ/ ૨૨૫ તા.૨૬–૧૨–૦૮ થી પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર તેમના પત્ર નં.એઆરડી/૧૮૫ તા.૧૨–૧૧–૦૮ થી સમય મર્યાદામાં અરજદારે માંગેલ " ભાજપના કોર્પોરેટરે ૪૦ ટકા વેરા વધારવાનું કમિશ્નરશ્રીને આપેલ સંમતિપત્રની નકલ ખરી નકલ " ની માહિતી બાબતે આવું કોઈ સંમતિપત્ર કમિશ્નરને આપવામાં આવેલ નહીં હોવા બાબતની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે તેમની તા.૫–૧૧–૦૮ ની મુળ અરજીથી માત્ર સંમતિપત્રની ખરી નકલ માંગેલ જયારે અપીલના તબકકે તે ઉપરાંત એરીયા બેઈઝ આકારણીના સામાન્ય સભાના ઠરાવની ખરી નકલ પણ માંગેલ છે જે મુળ અરજીથી અલગ રજુઆત છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મૂળ અરજીથી માંગેલ માહિતી પૈકીની હકીકતલક્ષી દફતરી માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય અવધિમાં પુરી પાડવામાં આવેલ હોય અપીલના તબકકે કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ દફતરે કરવામાં આવેલ છે.

અપીલના તબકકે અરજદારે કરેલ મૂળ અરજી કરતાં અલગ માહિતી માંગણી બાબતે અરજદાર ઈચ્છુક હોય તો આરટીઆઈ કાયદાની કલમ–(૪) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી હેઠળ સમાવિષ્ટ પ્રકારની આ માહિતી બાબતે લાગત જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી આરટીઆઈ કાયદાની કલમ–૭(૫) તથા નિયમ–૫ સાથે ઠરાવેલ દર ભરી માહિતીની નકલ મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સેલ),.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જયંતીભાઈ ડાહયાભાઈ ભગત